# ધુળેટીની મોજ તો ક્યાંક રંગમાં ભંગ

## વલસાડ જિલ્લામાં અનેક નાના મોટા અકસ્માતો અને મારામારીના બનાવો નોંધાયા



વલસાડ: વલસાડમાં આ વર્ષે સમગ્ર જિલ્લામાં અનેક સ્થળોએ ધૂળેટીની ઉજવણી થઇ હતી. વલસાડમાં લોકોએ તિથલ દરિયાકિનારે ધુળેટીની ઉજવણી કરી હતી. તો અનેક ગામોમાં નદી કિનારે, કે ગામોમાં સામુહિક ધુળેટી પણ ઉજવાઇ હતી. વલસાડના સાંસદ ધવલ પટેલે પોતાના વલસાડ નિવાસસ્થાને ધુળેટીની ઉજવણી કરી હતી. જેમાં અનેક અગ્રણીઓ તેમજ પોલીસ અધિકારીઓ પણ જોડાયા હતાં.

આ વર્ષે ધૂળેટીમાં વલસાડ શહેરમાં જ બેથી ત્રણ નાના અકસ્માતો થયા હતાં. જેમાં તિથલ રોડ પર ડીડીઓ બંગલો પાસે એક યુવતીનો નાનો અકસ્માત થયો હતો. જેને પગમાં ગંભીર ઇજા થતાં 108 બોલાવવી પડી હતી. ત્યારબાદ ગોદાવરી બાગ પાસે પણ બે વાહનોના અકસ્માત થયા હતા. ધુળેટીના તહેવારમાં વલસાડમાં મારામારીની પણ અનેક ઘટનાઓ સામે આવી હતી. જેમાં ગૌરવ પથ પર ભગીની સમાજ પાસે બે યુવાનો કોઇ નજીવી બાબતના કારણે વૃદ્ધને જાહેરમાં ઢોર માર મારી રહ્યા હતા. આ ઘટનાના સીસીટીવી ફૂટેજ સામે આવતા પોલીસે બંનેને પકડી જાહેરમાં માફી માંગવાનો વિડીયો બનાવી વાયરલ કર્યો હતો. જોકે, બંને વિરુદ્ધ મારામારીનો ગુનો દાખલ કરાયો ન હતો. આ સિવાય મોગરાવાડીમાં પણ જુદી જુદી જગ્યાએ મારામારીની ઘટનાઓ બની હતી. વલસાડમાં નાના મોટા અકસ્માતો અને મારામારી સિવાય કોઇ મોટી દુર્ઘટના સામે આવી ન હતી.

### દારૂનો નશો કરી તિથલ રોડ પર ફરનારા બે પકડાયા

ધુળેટીના રોજ દારૂનો નશો કરી જાહેરમાં ફરતાં બે યુવકને પોલીસે તિથલ રોડ ચાર રસ્તા નજીકથી જ પકડી પાડ્યા હતા. જેમાં પોલીસે એક એક્ટિવા નં. (GJ-15-DJ-4643) પર સવાર રોહિત ભૈરવસિંહ સેન (રહે., ઠાકોરજી સાડી સેન્ટર ઉપર આવેલાભાડેના મકાનમાં, આઝાદચોક પાસે, વલસાડ) અને તેની સાથે સવાર ભાવિક રમેશભાઇ પટેલ (રહે., બ્રહ્મદેવ મંદિર પાસે, સુગર ફળિયા, શહીદચોક, વલસાડ) વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

### ભગોદ નવા પુલ પાસેથી અનેક દારૂડિયા પકડાયા

વલસાડ રૂરલ પોલીસે ધૂળેટીના દિવસે ઉમરસાડી અને ભગોદ ગામને જોડતા નવા બ્રિજ પાસે ભગોદ ગામની હદમાં ચેકિંગ હાથ ધર્યું હતું. જેમાં તેમણે દમણથી દારૂનો નશો કરીને આવતા 6 જેટલા બાઇકસવારોને પકડી તેમની સામે ગુનો દાખલ કર્યો હતો.

### નવસારીમાં ધુળેટીએ 36 રંગરસિયા બન્યા દર્દી

નવસારી: નવસારી જિલ્લામાં ધુળેટીના પર્વની ઉજવણી વચ્ચે અકસ્માતો અને બેદરકારીના બનાવોએ પણ માથું ઊંચક્યું હતું. રંગોત્સવના દિવસે નવસારી સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં દર્દીઓની સંખ્યા અચાનક વધી ગઈ હતી. એક જ દિવસે કુલ 36 કેસ નોંધાયા હતા. મળતી માહિતી મુજબ ધૂળેટી રમતી વખતે થયેલી અથડામણ અને ઈજાઓને કારણે 21 લોકોને સારવાર માટે નવસારી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યારે અન્ય 15 લોકો નાના અકસ્માતો, લપસવાના બનાવો અને ટક્કર જેવી ઘટનાઓમાં ઈજાગ્રસ્ત થતાં તેમને પણ તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા. તહેવારો દરમિયાન વધતા ઉત્સાહ અને બેદરકારીના કારણે આવી ઘટનાઓ બનતી હોવાના કારણે ઈમરજન્સી વિભાગમાં દર્દીઓનો ધસારો વધી જાય છે. નવસારી સિવિલ હોસ્પિટલના તબીબો અને સ્ટાફે સતત ફરજ પર રહી તમામ ઈજાગ્રસ્તોને ઝડપી સારવાર આપી પરિસ્થિતિ સંભાળી હતી. હાલમાં તમામ દર્દીઓને જરૂરી સારવાર આપી સ્થિતિ નિયંત્રણમાં હોવાનું હોસ્પિટલ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.



ગિરીશ ભોયે

### ડાંગમાં પારંપરિક માહોલમાં આધુનિક ઉલ્લાસ

સાપુતારા: ડાંગના મુખ્ય મથક આહવાથી લઈને વઘઈ, સુબિર અને અંતરિયાળ ગામડાઓમાં વસતા લોકોએ એકબીજાને ગુલાલથી રંગીને ભાઈચારાનો સંદેશ પાઠવ્યો હતો. અનેક ગામોમાં ઢોલ-નગારાના તાલે પરંપરાગત ડાંગી નૃત્યોની રમઝટ બોલી હતી. સાપુતારામાં હોળી-ધૂળેટીના મિની વેકેશનનો લાભ લેવા માટે મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી પડ્યા હતા.સાપુતારાની વિવિધ ખાનગી હોટલો અને રિસોર્ટ દ્વારા પ્રવાસીઓ માટે ખાસ 'રેઈન ડાન્સ' અને 'મ્યુઝિકલ ઈવેન્ટ્સ' નું આયોજન કરવામાં આવ્યું હતું .પ્રવાસીઓએ ઠંડા આહલાદક વાતાવરણમાં ડાંગી સંસ્કૃતિની ઝલક સાથે આધુનિક મ્યુઝિકના તાલે રંગોત્સવની ઉજવણી કરી હતી. સાપુતારાના માર્ગો જાણે રંગબેરંગી ગુલાલથી રંગાઈ ગયા હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા.

### પારડીમાં રંગોની ધૂમ જામી

પારડી: પારડી નગરમાં ઉત્તર ભારતીય તેમજ રાજસ્થાન સમાજ દ્વારા રંગની પિચકારીથી રંગ રસિયાઓએ રંગબેરંગથી રંગાઈ હેપ્પી હોળી-હેપ્પી ધુળેટીના નાદથી પારડી ગુંજી ઉઠ્યું હતું. પારડી ચંદ્રપુરમાં ઢોલનગારા વગાડી સંગીતના તાલે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ભંડારી સ્ટ્રીટ, અભિનવ પાર્ક, સાઈ સંગ્રિલા સોસાયટી, રોયલ પાર્ક, સુલભ નગર, દમણીઝાપા, બાલાખાડી કર્મભૂમિ ડ્રિમ સિટી, લાડ સ્ટ્રીઝ, વાણીયાવાડ, પારડી શાકભાજી માર્કેટ, ચિવલ રોડ, પારડી શ્રીરામ ચોક, પરિયા રોડ ભેંસલાપાડ, સહીત વિવિધ સોસાયટીઓમાં ડીજે, ઢોલ નગરા, નાચગાન સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ સાથે પારડીના ગ્રામીણ વિસ્તારમાં ઉમરસાડી માછીવાડ, દેસાઇવાડ, ઉદવાડાગામ, રેંટલાવ, નાનાવાઘછીપા ગામે યુવાઓ-વડીલો, બાળકો, મહિલાઓએ એકબીજા પર રંગોની છોળો ઉડાવી હતી. ઉમરસાડી દરિયા કિનારે અટલ પેડેસ્ટલ બ્રિજ પર ધુળેટી પર્વે ભીડ ઉમટી હતી.



અમૃત પટેલ

# ધુળેટીના દિવસે દમણમાં ફરી જાહેરમાં મારામારી

## ચિક્કાર દારૂના નશામાં બે જૂથ વચ્ચે બબાલ મચી, પોલીસને બોલાવવી પડી



દમણ: સંઘપ્રદેશ દમણમાં ધુળેટીના દિવસે રાત્રે બે જૂથ વચ્ચે છુટા હાથની મારામારી સર્જાતા અફરાતફરીનો માહોલ સર્જાવા પામ્યો હતો.

દેવકામાં 2 દિવસ અગાઉ 2 લક્ઝરી બસમાં આવેલા સુરતના પર્યટકો વચ્ચે છુટ્ટા હાથની મારામારીની ઘટના સર્જાયા બાદ ધુળેટીના દિવસે મોડી રાત્રે નાની દમણના નાઇટ માર્કેટ સી ફેસ જેટી પાસે યુવાનોના બે ગ્રુપ વચ્ચે છુટા હાથ, લાત મુક્કા સાથેની મારામારીની ઘટના સર્જાવા પામી હતી. યુવાનો એટલી હદે બીજા યુવાનોને મારી રહ્યા હતા કે આ વિસ્તારમાં રજાના દિવસે ફરવા આવેલા અન્ય પર્યટકોમાં ડરનો માહોલ સર્જાયો હતો. જે પ્રમાણે યુવાનો એકબીજાને મારી રહ્યા હતા તે જોતા બંને જૂથના યુવાનો ચિક્કાર દારૂનો નશો કરી મારમારી કરી રહ્યા હતા તે સ્પષ્ટ પણે જોઈ શકાયું હતું.

જો કે, આટલી મોટી ઘટના પર્યટન સ્થળ દમણમાં ઘટ્યા બાદ પણ પેટ્રોલિંગ કરી રહેલી દમણ પોલીસ આ વિસ્તારમાં ફરકી પણ ન હતી. જો કે, એક જાગૃત નાગરિકે પોલીસને કરતાં પોલીસની એક ટીમ સ્થળ પર આવતા મારામારી કરી રહેલા યુવાનો ભાગી છૂટ્યા હતાં. જેના કારણે પોલીસમથકે આ બાબતે ગુનો દાખલ થવા પામ્યો ન હોવાનું જાણવા મળી રહ્યું છે. 2 દિવસ અગાઉ દેવકા બીચ નજીક સુરતીઓ વચ્ચે સર્જાયેલી મારામારી બાદ ધુળેટીના દિવસે ફરી જાહેરમાં મારામારીની સર્જાયેલી આ ઘટનાને જોતા પર્યટન સ્થળ દમણનું નામ હવે ખરડાઈ રહ્યું હોય એવું પ્રતિત થઈ રહ્યું છે. ત્યારે દમણ પોલીસે પ્રદેશની છબી વધુ ન ખરડાય એવા આશય સાથે દિવસે અને રાત્રિ દરમ્યાન હરવા ફરવા લાયક સ્થળો પર સઘન પેટ્રોલિંગની માંગ ઊઠી છે.

# નવસારીના BR ફાર્મમાં 'રંગ મેનિયા' રંગોત્સવમાં બબાલ



નવસારી: ધુળેટી પર્વના અવસરે બી.આર. ફાર્મ ખાતે યોજાયેલા 'રંગ મેનિયા' કાર્યક્રમમાં આનંદ અને ઉત્સાહ વચ્ચે અચાનક મારામારીની ઘટના સર્જાતા માહોલ તંગ બન્યો હતો. મળતી માહિતી મુજબ તા. 4 માર્ચે ધુળેટી નિમિત્તે બી.આર. ફાર્મ ખાતે ખાનગી આયોજકો દ્વારા 'રંગ મેનિયા' નામે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં યુવાનો અને યુવતીઓ રંગોત્સવ અને રૈન ડાન્સની મજા માણવા ઉમટી પડ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ધક્કામુક્કીની નાની બાબતે શરૂ થયેલી બોલાચાલી અચાનક ઉગ્ર બની અને મારામારી સુધી પહોંચી ગઈ હતી. આ બનાવ અંગે કાલીયાવાડીના રહેવાસી ખુશ રશ્મિનભાઈ કાલરીયાએ નવસારી રૂરલ પોલીસમથકે ફરિયાદ નોંધાવતા પોલીસે તાત્કાલિક તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા વિડીયો તેમજ અન્ય પુરાવાના આધારે પોલીસે વિજલપોર વિસ્તારના પંકજ એકનાથ પાટીલ, ગોપાલ સાલીકભાઈ હરને, ઉમંગ રામચંદ્ર સોનકર અને દુર્ગેશ છોટુભાઈ ચૌધરીને ઝડપી પાડ્યા છે. કાર્યક્રમની શરૂઆતમાં શહેરના કેટલાક રાજકીય અગ્રણીઓ પણ હાજર રહ્યા હતા અને એકબીજાને ધુળેટીની શુભેચ્છાઓ પાઠવી ઉત્સાહભેર રંગોત્સવની ઉજવણી કરી હતી. પરંતુ બાદમાં બનેલી મારામારીનો વિડિઓ સોશિયલ મીડિયામાં વાયરલ થતાં સમગ્ર ઘટના શહેરમાં ચર્ચાનો વિષય બની હતી.

# સરદાર હાઇટ્સમાં લિફ્ટની દુર્ઘટનાનો સિલસિલો



## મંગળવારે દૂધવાળો બચ્યો અને ધુળેટી પર્વે બે બાળકી દુર્ઘટનામાં બચી ગઈ

વલસાડ: ગુજરાત સરકાર નિર્મિત અને શહેરના પોશ વિસ્તાર ગણાતા 'સરદાર હાઇટ્સ' (ગુજરાત હાઉસિંગ બોર્ડ) સંકુલમાં લિફ્ટની દુર્ઘટનાઓ અટકવાનું નામ લેતી નથી. સોમવારે અહીંના એક રહીશ લિફ્ટમાંથી ઊતરે એ પહેલાં જ લિફ્ટ ઉપર જતી રહી હોવાની ઘટના બાદ આવી જ ઘટના ફરીથી બની રહી છે. જેમાં મંગળવારે એક દૂધવાળા સાથે આવી ઘટના બની અને ત્યારબાદ ધુળેટીના દિવસે બે બાળકી સાથે આવી દુર્ઘટના બની હતી. બંનેમાં દરવાજો ખૂલ્યો અને તેઓ બહાર નીકળે એ પહેલાં જ લિફ્ટ ઉપર જતી રહી હતી. ત્યારે આ ઘટનાને લઇ તેના વહીવટદારોએ ગુરુવારે એક બેઠક બોલાવી હતી, જેમાં તેમના દ્વારા લિફ્ટનું મેઇન્ટેનન્સ કરતી કંપનીના પ્રતિનિધિને આડે હાથ લીધા હતા. ધુળેટીના દિવસે સરસ્વતી બિલ્ડિંગની નાની લિફ્ટમાં બે બાળકીઓએ બહાર નીકળવા માટે પગલાં ભર્યા અને લિફ્ટ ઉપર જતી રહી હતી. સરદાર હાઇટ્સ બિલ્ડિંગમાં એક પછી એક લિફ્ટની દુર્ઘટનાના વિડીયો સામે આવી રહ્યા છે. જેના કારણે અહીંના અંદાજિત 6 હજાર રહીશોમાં ફફડાટ ફેલાયો છે. ગમે ત્યારે કોઇ પણ લિફ્ટમાં કોઇ પણ દુર્ઘટના ઘટી શકે છે. જેના કારણે સોસાયટીના વહીવટદારોએ તાત્કાલિક બેઠક બોલાવી હતી.

### વહીવટદારોની તત્કાળ મીટિંગ મળી

સરદાર હાઇટ્સમાં બનેલી દુર્ઘટના બાદ બિલ્ડિંગના વહીવટદારોએ ઓમેગા એલિવેટર્સ કંપનીના મેઇન્ટેનન્સ કરતા પ્રતિનિધિ શૈલેષને બોલાવ્યો હતો. તેની સાથે તેમણે વાત કરતાં શૈલેષે લિફ્ટ સાથે ચેડાં થયાં હોવાનો લૂલો બચાવ કર્યો હતો, જેમાં તેણે જણાવ્યું કે, લિફ્ટનું સ્ટોપ બટન કોઇ ત્રાહિત વ્યક્તિએ દબાવ્યું હતું. જો કે, આવું કરવાથી લિફ્ટ ઓટોમેટિક ઉપર જાય એવું બને એની શક્યતા નહીંવત છે. ત્યારે હવે આજથી તેઓ તમામ લિફ્ટનું યોગ્ય રીતે ચેકિંગ હાથ ધરશે એવું જણાવ્યું હતું.

# ઉમરગામ UIAની ચૂંટણી માટે 34 ઉમેદવારી નોંધાઈ

## બે પેનલ વચ્ચે થનારી ચૂંટણીમાં રસાકસીનાં એંધાણ



ઉમેશ સોલંકી

ઉમરગામ: ઉમરગામ UIAની ચૂંટણી માટે કુલ 34 ઉમેદવારી પત્રકો ભરાયા છે. બે પેનલ વચ્ચે ચૂંટણીમાં રસાકસી રહેવાની શક્યતા છે.

ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન UIAની 15 એક્ઝિક્યુટિવ કમિટીની બેઠકો માટે આગામી 27 માર્ચના રોજ ચૂંટણી માટે મતદાન થવાનું છે. ઉમેદવારી પત્રકો ભરવાના 5 મી માર્ચના અંતિમ દિવસ સુધીમાં કુલ 34 ઉમેદવારે ફોર્મ ભર્યા છે. જેમાં ભગવાનભાઈ ભરવાડ, કેયુર ભટ્ટ, ચોરસિયા રત્નેશ્વર, ગાંધી મયુર, અશોક ગુપ્તા, અનુપભાઈ, નીતિન હીરાની, નિલેશ જૈન, નવીન મંગે, ધર્મેશ નાયક, શાહ વિવેક, શ્યામ વિઝન, કેયુર ભટ્ટ, નીરજ પુઠાવાલા, બ્રિજ ગોપાલ, રમેશ જૈન, બંથિયા નરેશ, ચિરાગ ચંદન, પ્રવીણ જૈન, જૈન સમ્યક, બિનલ કાપડિયા, દિનેશ પઢીયાર, કેતન પંચાલ, કિરીટ પંચાલ, વિપુલ પંચાલ, રાવ શેશગીરી, શાહ આશિષકુમાર, શાહ ધીરેન્દ્ર, શાહ મેહુલ, મુસા શેખ, મિહિર સોનપાલ, પ્રશાંત થંમન, તાહેર વોહરા, છોટુ વર્મા, પ્રકાશ વર્માએ ઉમેદવારી નોંધાવી છે. ગત ચૂંટણીમાં યુવા ઈન્ડસ્ટ્રીયલ ટીમનો દબદબો જોવા મળ્યો હતો, 15 માંથી 14 જણા ચૂંટાઈને આવ્યા હતા. હોસ્પિટલ પ્રોજેક્ટ સહિત કેટલીક બાબતોને લઈને ભારે મનમોટાવ તથા આંતરિક ખેંચતાણના કારણે આ વખતમાં માહોલ જ કઈ અલગ છે. ઘણા છૂટા પડીને સામસામે ચૂંટણી લડી રહ્યા છે, જેના કારણે યુવા ઈન્ડસ્ટ્રીયલ ટીમ અને નરેશભાઈ બંથિયા (માજી પ્રમુખ યુઆઈએ)ની ટીમ આ બે પેનલ વચ્ચે ભારે રસાકસી રહેવાની શક્યતા છે.

# સરીગામ SIAની ચૂંટણી, આજે મતદાન

ઉમરગામ: સરીગામ SIAની ચૂંટણી માટે આજે 6 માર્ચના રોજ શુક્રવારે મતદાન થશે. તે માટે ચૂંટણી કમિટી દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. કોઈપણ પ્રચાર પ્રસાર વગર નીરસ વાતાવરણમાં ચૂંટણી યોજાઈ રહી છે. સરીગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન (SIA)ની ચૂંટણીમાં કૌશિકભાઈ પટેલ પ્રમુખ તરીકે બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા જ્યારે 12 એક્ઝિક્યુટિવ કમિટી મેમ્બરો માટે 13 ઉમેદવાર ચૂંટણી મેદાનમાં છે. આજે 6 માર્ચ 2026ના સવારે 9:00 થી સાંજે 05:00 કલાક દરમિયાન મતદાન થશે અને ત્યારબાદ મત ગણતરી હાથ ધરવામાં આવશે. કુલ 618 જેટલા નોંધાયેલા મતદારો મતાધિકારનો ઉપયોગ કરી શકશે. આ વખતની ચૂંટણીમાં પ્રમુખ બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે અને 12 બેઠક માટે 13 ઉમેદવાર એટલે કે 1 ઉમેદવારનો ફરક હોય કોઈપણ પ્રચાર પ્રસાર વગર નીરશ વાતાવરણમાં ચૂંટણી યોજાય રહી છે.

### પારડીની ઇન્ડસ્ટ્રીઝના કમ્પાઉન્ડમાં કોબ્રા સાપનું રેસ્ક્યુ કરાયું

પારડી: પારડી ભેસલાપાડ રોડ પર આવેલી એક ઈન્ડસ્ટ્રીઝના કમ્પાઉન્ડમાં કોબ્રા જાતિનો ઝેરી સાપ આવી ચડ્યો હતો. જેની જાણ પારડી જીવદયા ગ્રુપને કરતાં પ્રમુખ અલી અન્સારીના માર્ગદર્શન હેઠળ સભ્ય યાસીન મુલતાની અને રિશી ઠાકુર ઘટના સ્થળે પહોંચી ગયા હતા સાપનું સહી સલામત રીતે રેસ્ક્યુ કરી જંગલમાં મુક્ત કરવાની તજવીજ હાથ ધરી હતી.

# ધરમપુરની માન નદી પરના મેજર બ્રિજનું ખાતમુહૂર્ત કરાયું

## 12 કરોડનાં ખર્ચે બ્રિજનું નિર્માણ થશે



વલસાડ: વલસાડના ધરમપુર તાલુકાના માન નદી ઉપર આશરે 12.50 કરોડના ખર્ચે બામટી નાની ઢોલ ડુંગરી માર્ગ ઉપર નિર્માણ થનારા મેજર બ્રિજનું ખાતમુહૂર્ત નાણાં અને શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈએ કર્યું હતું. આ પ્રસંગે સાંસદ ધવલ પટેલ અને જિલ્લા પ્રભારી અને આદિજાતિ મંત્રી નરેશ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ હેમંત કંસારા વિશેષ ઉપસ્થિત રહ્યા હતાં.

મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઉમરગામથી અંબાજી સુધીના આદિવાસી ક્ષેત્રોના સર્વાંગી વિકાસ માટે 2 લાખ કરોડ જેટલી માતબર ગ્રાન્ટ ફાળવી છે. જે આવનારા વર્ષમાં વિસ્તારની કાયા પલટ કરી નાખશે. સાંસદ ધવલ પટેલે આદિવાસી વિસ્તારોમાં મેડિકલ કોલેજો, સાયન્સ પ્રવાહની શાળાઓ શરૂ કરવી, પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ વધારો, વીજ સબસ્ટેશનોમાં વધારો આ બધુ પીએમ નરેન્દ્ર મોદી અને ભાજપની કેન્દ્ર, રાજ્ય સરકારોએ કર્યું છે. 12.50 કરોડના ખર્ચે નિર્માણ થનારો પુલ હજારો લોકો માટે ઉપયોગી સાબિત થશે. તેમણે આમ આદમી અને કોંગ્રેસ પાર્ટી ભ્રામક પ્રચાર કરે છે, ત્યારે આવનારી ચૂંટણીઓમાં તેમને ક્લીન સ્વીપ કરી ક્લીન બોલ્ડ કરી દેવાનું છે.

## સંક્ષિપ્ત સમાચાર

### વાંસદા તાલુકામાં રૂ. ૭૦.૯૩ કરોડનાં કામોનું ખાતમુહૂર્ત/ લોકાર્પણ કરાયું



નિલેશ કાપડીયા

વાંસદા: વાંસદા તાલુકાના સર્વાંગી વિકાસને વેગ આપતા માર્ગ અને મકાન વિભાગ અંતર્ગત રાણી ફળિયા, કુરેલીયા, કુકડા, ધરમપુરી, વાંદરવેલા અને ચાપલધરા ગામે કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલ તથા વલસાડ-ડાંગ સાંસદ ધવલભાઇ પટેલના વરદ હસ્તે કુલ રકમ રૂ. ૭૦.૯૩ કરોડના રસ્તા અને મકાનોના કુલ ૭૧ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત/ભુમિપુજન કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે પરેશભાઇ દેસાઇ પ્રમુખ જિલ્લા પંચાયત નવસારી, બાલુભાઇ પાડવી અધ્યક્ષ જાહેર બાંધકામ સમિતિ, અંબાબેન એન. માહલા ઉપપ્રમુખ જિલ્લા પંચાયત, દિપ્તીબેન પટેલ પ્રમુખ તાલુકા પંચાયત વાંસદા સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### ઉમરગામના પળગામમાં જુગાર રમતાં 5 ઝડપાયા

ઉમરગામ: પળગામ માહ્યાવંશી ફળિયા જાહેર રોડની બાજુમાં આવેલી ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો ગોળ કુંડાળું વળી ગંજી પત્તાનો હાર જીતનો જુગાર રમી રહ્યા હોવાની બાતમીના આધારે ઉમરગામ પોલીસે રેડ કરી સંદીપ મુલેકર, દયારામ માહ્યાવંશી, મહેન્દ્ર મુલેકર, પ્રકાશભાઈ માહ્યાવંશી, જયંતીલાલ માહ્યાવંશી (તમામ રહે., પળગામ) ને પકડી પાડી દાવ સહિતના રોકડા રૂ. 1720 કબજે કર્યા હતા.


**વેચાણ અંગેની જાહેર નોટીસ**

જત હમારા અસીલશ્રીની સુચના અને ફરમાઈશ થયેથી જણાવવાનું કે :-

જી. નવસારી, તા. નવસારીના મોજે: ટોળી ગામના જુના બ્લોક/સર્વે નં. ૨૧૩ ના નવા બ્લોક/સર્વે નં. ૨૭૬, ક્ષેત્રફળ ૧-૦૮-૫૮ હે.આરે.ચો.મી., આકાર રૂા. ૮.૮૦ પૈસા વાળી ખેતીની જમીન જગદીશચંદ્ર શાંતિલાલ પટેલનાઓના સ્વતંત્ર નામે ચાલી આવેલ છે. તેઓએ સદર જમીન હમારા અસીલને ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલ હોવાની જણાવી વેચાણ આપવાનું નક્કી કરેલ છે. તેમજ વેચાણ દસ્તાવેજને લગતી કાર્યવાહી ટૂંક સમયમાં કરી લેનાર છે. આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામને જણાવવાનું કે ઉપરોક્ત મિલકત અન્વયે કોઈનો કોઈપણ જાતની સોદા-ચિઠ્ઠી, કોઈપણ જાતનું લખાણ કે કરાર કરાવામાં આવેલ હોય તથા કોઈપણ વ્યક્તિ ઈસમ કે સંસ્થાનો લાગ-ભાગ, હકક-હિત-હિસ્સો, ચાલી આવેલ હોય તો તે અંગેના લેખિત પુરાવા સહિત દિન-૭ (સાત) માં હમોને નીચે દર્શાવેલ સરનામે જાણ કરવી. મુદત દરમ્યાન આવી જાણ કરવામાં આવશે નહીં કે, ખાતરી આપવામાં આવશે નહીંતો હરકોઈનો મજકુર મિલકતમાં કોઈપણ જાતનો હકક-હિત-હિસ્સો, લાગ-ભાગ કે બોજો કે દર-દાવો નહીં હોવાનું અને હોય તો તે છોડી દીધો હોવાનું ગણાશે અને હમારા અસીલ ઉપર જણાવેલ મિલકતના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અંગેની કાર્યવાહી પૂર્ણ કરાવી લેશે જેની લાગતા-વળગતાઓએ નોંધ લેવી.

મારી સૂચના મુજબ
તા. ૦૫-૦૩-૨૦૨૬

મારી મારફત, **પિયુષ પી. રાઠોડ**
(તે ખરીદ કરનારના એડવોકેટ)

રહે. આમડપોર, તા. જી. નવસારી-૩૯૬૪૪૫. મો. ૮૮૬૬૫૪૧૪૬૩



**મોજે : કાંગવઈ બ્લોક/સર્વે નં. ૪૪૧ તથા ૪૪૨ ની ખેતીની જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા સર્વે વ્યકિત/સંસ્થાને આ નોટીસથી જાહેર કરી જણાવવાનું કે ડીસ્ટ્રીકટ નવસારી સબ-ડીસ્ટ્રીકટ તાલુકા ચીખલી મોજે ગામ કાંગવઈ ના જુના બ્લોક/સર્વે નં. ૩૬૯ જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૧-૧૯-૦૪ ક્ષેત્રફળ તથા આકાર રૂપિયા ૩.૬૮ પૈસા જેનો નવો રી-સર્વે થતા નવો ખાતા નં.૪૩૨ અને (૧) રી-સર્વે બ્લોક નં. ૪૪૧ ક્ષેત્રફળ જરાયતની હે.આરે.ચો.મી.૦-૪૨-૩૭ ક્ષેત્રફળ તથા આકાર રૂા.૧.૩૦ પૈસા તથા (૨) રી-સર્વે બ્લોક નં. ૪૪૨ ક્ષેત્રફળ જરાયતની હે.આરે.ચો.મી. ૦-૭૧-૭૬ ક્ષેત્રફળ તથા આકાર રૂા.૨.૨૦ પૈસા મળી બે જમીનોનુ કુલ્લે ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.૧-૧૪-૧૩ પિયતવાળી ખેડખાતાની તેમાં આવેલ ઝાડ, બીડ સહીતની જુની શરતની ખેતીની જમીન અને તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હક્કો સહીતની જમીન મહમદભાઈ ફકીરભાઈ ખલીફા, રહે.: 67, Grove Road, Le5 3hj Leicester U.K. England નુ નામ માલીકી/કબજેદાર તરીકે ચાલી આવેલા હોવાનું જણાવી તથા તેઓને સદરહુ ખેતીની જમીન અંગે હરકોઈ રીતનો વહીવટ અને વ્યવસ્થા કરવાનો અધિકાર હોવાનું જણાવી તથા ટાઈટલ કલીયર હોવાનું જણાવી હમારા અસીલ (૧) આશીયાબાનુ અબ્દુલકાદર નવાબ, (૨) અબ્દુલવહાબ અબ્દુલઅઝીઝ બાદલાવાલા, (૩) સલમાન અબ્દુલઅઝીઝ બાદલાવાલા, (૪) અબ્દુલબાસીત અબ્દુલઅઝીઝ બાદલાવાલા, (૫) ઝેનબ અબ્દુલઅઝીઝ બાદલાવાલા, (૬) સગીર મોહંમદહનીફ અબ્દુલઅઝીઝ બાદલાવાલાના વાલી આશીયાબાનુ અબ્દુલકાદર નવાબ, તમામ રહે.: ૧૧/૧૮૯૨-બ, પાંચમો માળ, દાર-એ-હનીફ, મુગલીસરા મેઈન રોડ,સુરત ને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જણાવવાનું કે, સદરહુ જમીન બાબતમાં કોઈપણ સરકારી, ખાનગી યા સહકારી બેંક,સંસ્થા યા વ્યકિતનો ચાર્જ, બોજો કે લિયન યા અન્ય કોઈ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો કે દર દાવો કબજામાં હિત સંબંધ સાટાખત બાનાખત, સંમતી પત્રક, કબુલાત, સોદાચિઠ્ઠી, બાંહેધરી ખત, ગીરોખત, કોઈના રસ્તા વપરાશના ઈજમેન્ટના હક્કો, અધિકાર હોય તો દિન-૦૭ ની મુદતમા દસ્તાવેજી પુરાવા સહીત લેખીત જાણ કરવી. નહિતર મુદત વિત્યે કોઈના હક્ક, હિત નથી એમ માની અથવા તો તેવા તમામ હક્કો તેઓએ જતા કર્યા યાને વેવ કર્યા હોવાનું માની હમારા અસીલ પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અંગેની કાર્યવાહી ટૂંક સમયમાં પુર્ણ કરાવી લેશે અને ત્યારબાદ કોઈની તર તકરાર, દર દાવા કે વાંધા વચકાને અવકાશ રહેશે નહી જેની લાગતા વળગતા તથા જાહેર જનતાએ નોંધ લેવી.(તા.૦૬/૦૩/૨૦૨૬)

સ્થળ : સુરત
ઓફીસ : ૯, પટની કોલોની,
મુગલીસરા, સુરત. મો.૯૮૯૮૨ ૩૨૧૯૪

**અબુબકર એ. દરિયાઈ**
તે ખરીદનારના એડવોકેટ